# શહેરના ઓટો બજારમાં તેજીનો માહોલ પણ વેઈટીંગ અનિવાર્ય

**કોરોના કાળમાં પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ ટાળતા નાગરિકો ફોર વ્હીલર અને ટુ વ્હીલરની ખરીદી વિશેષ : લોકડાઉનથી અત્યાર સુધી હજુ ઓટો કંપનીમાં પ્રોડકશન મંદ ગતિએ : ડિલરોને બુકીંગ સામે વાહનોની પુરતી ડીલીવરી મળતી નથી : નવરાત્રી, દશેરામાં ઓટો સેકટરમાં ગરમાવો**

ગાંધીનગર તા ૨૪

કોરોનાની મહામારીના લીધે ઓટો કંપનીઓને પણ તાળા વાગેલા હતા. લાંબા સમય સુધી પ્રોડકશન પણ બંધ રહ્યુ હતુ જયારે લોકડાઉન દરમિયાન ઓટો ઉદ્યોગમાં સન્નાટો છવાયેલો હતો અનલોક ૫ ના અંતે હવે બજારમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલરની ખરીદી તરફ જોર વધ્યુ છે. કોરોનાના સાપેક્ષમાં કોરોનાના કહેર વચ્ચે ટુ વ્હીલર અને ફોર વ્હીલરના વેચાણમાં કોઈ ઘટાડો નથી. નવરાત્રી અને દશેરા ઉપરાંત દિવાળીના તહેવારોમાં આમ પણ કાર તેમજ બાઈક, સ્કુટરની વિશેષ ખરીદી થતી હોય છે. ત્યારે આ વર્ષે પણ હાલ વિવિધ કંપનીના ઓટો શો રૂમમાં ઈન્કવાયરી તેમજ વાહનોની ખરીદી માટે ગ્રાહકોની વિશેષ અવરજવર જોવા મળે છે.



સંક્રમણથી બચવા માટે નાગરિકો પોતાના વાહનમાં જ મુસાફરી કે અપડાઉન કરવાનુ પસંદ કરે છે. અલબત્ત પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ ટાળે છે. આવા સંજોગોમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલરના બજારમાં પણ ભીડ જોવા મળે છે.

અલબત્ત લાંબા સમયથી મંદીમાં ગરકાવ થયેલા ઓટો બજારમાં હવે તેજી જોવા મળી રહી છે. પરંતુ હાલના સંજોગોમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલરની ડીમાન્ડ વધુ છે. ત્યારે ઓટો ડીલરોને પુરતો માલ સપ્લાય થતો નથી વાહનોની ડીલીવરી પૈસાની ચુકવણીના અંતે પણ ડીમાન્ડ મુજબ મળતી નથી જેના લીધે બુકીંગ સામે ગ્રાહકોને સમયસર ડીલીવરી આપવાનુ પણ અઘરુ થયુ છે. ગ્રાહકોને કમીટમેન્ટ મુજબ વાહનોની ડીલીવરી આપવા માટે ડિલરોએ ખેંચતાણ કરવી પડે છે. ગત વર્ષની ત્યારે ઓટો કંપનીઓના પ્રોડકશનમાં કાપ છે. કોરોનાની મહામારીના લીધે અત્યાર સુધી બધુ બંધ હતુ. જેના લીધે પ્રોડકશન પણ પુરતુ થયુ નથી જેથી ડિલરોને વાહનોની માંગ કે બુકીંગ પ્રમાણે ડિલીવરી મળતી નથી.

મારૂતિ, હુન્ડાઈ, હીરો સહીત મોટાભાગની કંપનીઓની આ હાલત છે. હાલ ગ્રાહકો માટે ડિસ્કાઉન્ટ સહીતની તગડી ઓફર પણ છે. પરંતુ પુરતા પ્રોડકશનના અભાવે કંપની તરફથી સમયસર વાહનો મળતા ન હોવાથી ગ્રાહકોને સોરી પણ કહેવુ પડે છે.વાહનની ડિલીવરી માટે રાહ જોવી પડે તેવી પણ સ્થિતિ છે. જયારે ટુ વ્હીલરના વેચાણના અંદાજ સાથે તહેવારોને ધ્યાને લઈ કેટલાક કંપની ડિલરોએ અગાઉથી જ સ્ટોક મેઈન્ટેઈન કરી લેતા હાલ તેમને તકલીફ ન હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

.......................................................................

કોરોનાના લીધે આમ નાગરિકો એકબાજુ પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરતા નથી નાગરિકો પોતાના વાહનોમાં જવાનુ પસંદ કરે છે. ત્યારે કાર ખરીદીનુ પ્રમાણ વધ્યુ છે. કોરોનાના પ્રારંભિક કાળમાં લોકડાઉનના લીધે કાર કંપનીઓના પ્રોડકશન પર વિપરિત અસર થઈ છે. અલબત્ત પુરતા પ્રોડકશનના અભાવે વાહનોની સમયસર ડિલીવરી મળતી નથી જેના લીધે ખેંચતાણ જેવી સ્થિતિ સર્જાય છે. છેલ્લા એક મહીનામાં અંદાજિત ૪૦૦ કારનુ બુકીંગ કર્યુ છે. ગત વર્ષે પણ આ સમયગાળામાં ૪૫૦ જેટલી કારનુ બુકીગ મળ્યુ હતુ. જયારે આ વર્ષે કંપની તરફથી ડીમાન્ડ મુજબ ડીલીવરી મળી શકે તેમ ન હોવાથી બુકીંગ પૈકી ૩૨૫ ગ્રાહકોને કારની ડીલીવરી કરી શકાશે. હાલની સ્થિતિએ કંપની પાસે ૬૦ થી વધુ કાર અન્ડર બુકીંગ છે.જયારે ૬૩ કાર રસ્તામાં ડીલીવર થવામાં છે. જેના પૈસા પણ કંપનીને ચુકવી દેવાયા છે.

**ધર્મેશ શાહ, મેનેજર પંજાબ હ્યુન્ડાઇ**

.......................................................................

હાલ કારનુ વેચાણ અને બુકીંગ સારુ છે. કોવિડના લીધે છેલ્લા ત્રણ મહીનાથી સદંતર સ્થિતિ ખરાબ હતી. જયારે હાલની સ્થિતિમાં નાગરિકો ખાનગી વાહનો વધુ પસંદ કરે છે. અલબત્ત પોતાના વાહનોનો ઉપયોગ કરીને જ જવાનુ પ્રિફર કરે છે. ત્યારે થોડા સમયમાં જ ૨૦૦ કારનુ બુકીંગ કર્યુ છે. પરંતુ કોરોનાની અસર વચ્ચે અમુક મોડલ કે કલર કારમાં ઉપલબ્ધ થતા નથી. ખાસ કરીને અર્ટીગા , વેગ્નારમાં પણ પુરતો સ્ટોક નથી. જેના લીધે ગ્રાહકની ડીમાન્ડ મુજબ નિયત સમયે કાર ડીલીવરી આપવામાં તકલીફ પડે છે.

**નીરવ શાહ, સેલ્સ મેનેજર નંદા ઓટો**

.......................................................................

દશેરાના દિવસે અમે ૨૫૦ બાઈકની ડીલીવરી આપવાના છીએ. ગત વર્ષની સાપેક્ષમાં વેચાણ વધુ નથી પણ ઓછુ પણ નથી. કોરોનાના કહેર વચ્ચે આમ નાગરિકો બસ કે અન્ય ખાનગી વાહનોમાં જવાનુ ટાળે છે. પોતાના વાહનનો ઉપયોગ વધ્યો છે. જો કે કંપનીઓમાં અગાઉ દિવસનુ ૧૦ હજારનુ પ્રોડકશન થતુ હતુ જયારે હાલની સ્થિતિએ માત્ર ૨ હજાર સુધી જ આંકડો પહોંચે છે. પરંતુ અમે સંભવિત સ્થિતિને ધ્યાને લઈને પ્રિપ્લાનીંગ કર્યુ હતુ. જેથી તકલીફ નથી જયારે હાલ કસ્ટમર માટે ઓફરો પણ સારી છે. જેથી વેચાણને વધુ વેગ મળ્યો છે.

**તરૂણ દિવાન, મેનેજર નંદા ઓટો**

# શહેરમાં ૧૫ કેસ : ૨૧ને ડિસ્ચાર્જ અપાયુ

**આજે સે. ૨૬માંથી ૨ અને સે. ૩૦માંથી ૩ કેસ ઉપરાંત સે. ૬, ૩, ૧૪, ૧૩, ૨૪, ૨૦, ૨૩, ૨ તેમજ પાલજ અને બોરીજ ગામમાંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજે સપ્તાહમાં પહેલીવાર કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. શહેરમાંથી આજે કોરોનાના ૧૫ કેસ મળી આવ્યા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૭૫૦૫૨ પહોંચી છે.

આજે પણ સંક્રમિત દર્દીઓમાં પાંચ મહિલા દર્દી મળી આવેલ છે જેથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તે પણ ચિંતાજનક છે. આજે પણ ૧૦ થી વધુ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધવા પામેલ છે.

આજે સે. ૨૬ માંથી ૨ અને સે. ૩૦ માંથી ૩ કેસ ઉપરાંત સે. ૬, ૩, ૧૪, ૧૩, ૨૪, ૨૦, ૨૩, ૨ તેમજ પાલજ અને બોરીજ ગામમાંથી પણ કેસો મળી આવ્યા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની દોડધામ અને કામગીરી પણ વધવા પામી છે.

સે. ૨૬ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. બેન્કમાં નોકરી કરતા અને સે. ૨૬ માં રહેતા ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત પ્લમ્બર તરીકેની કામગીરી કરતા ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે અને તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેન્ટ્રલ વૉટર કમિશનમાં જુનિ. ઈજનેર તરીકે ફરજો બજાવતા અને સે. ૬ માં રહેતા ૨૯ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માં રહેતા અને ડી.એસ.પી. ઓફિસમાં ફરજો બજાવતા ૪૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૧૪માં રહેતા સેન્ટ્રલ યુનિ. સે. ૩૦ ખાતે ક્લાર્ક તરીકે ફરજો બજાવતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેક્ટર-૩૦ માંથી આજે એક જ દિવસમાં ૩ કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. સે. ૩૦ માં આજે દંપત્તિ કોરોનાની ઝપટે ચડ્યુ છે. ૭૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગી અને ૬૯ વર્ષીય ગૃહિણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં બન્નેને સોલા સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આરએન્ડબીમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતા અને સે. ૩૦માં રહેતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૩માં રહેતી અને ખાનગી દવાખાનામાં નોકરી કરતી ૫૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૪માંથી પણ ૩૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ખાડિયા ઘીકાંટા કોર્ટમાં સિવિલ જજ તરીકે ફરજો બજાવતા અને સે. ૨૦માં રહેતા ૪૮ વર્ષીય જજનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૩ માંથી આજે વધુ એક સંત સંક્રમિત થયા છે. ૨૫ વર્ષીય સંતે હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યોછે.

સે. ૨ માં રહેતી અને પાણી પુરવઠા વિભાગમાં નરોડા ખાતે અધિકારી તરીકે ફરજો બજાવતી ૫૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

બોરીજ ગામેથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

અમદાવાદ ટોલટેક્ષ પર નોકરી કરતા અને પાલજમાં રહેતા ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે ૧૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધારે છે. આજે ૨૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

# છાલામાં ૬ કેસ સહિત જિલ્લામાં ૧૪ કેસ નોંધાયા

**ગાંધીનગરમાં ૯, કલોલમાં ૩ અને માણસામાં ૨ કેસ : સારવાર દરમ્યાન કલોલના દર્દીનું મોત થયુ : ૧૩ને ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના છાલા ગામેથી આજે એક જ દિવસમાં ૬ કેસ કોરોના પોઝીટીવના મળી આવતાં જિલ્લાનું આરોગ્યતંત્ર ચોંકી ઉઠ્યુ છે. જિલ્લામાં આજે બે દિવસની તુલનામાં કેસોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળ્યો છે. આજે માત્ર ૧૪ કેસ જ જિલ્લામાં નોંધાયા છે.

આજે પાંચ કેસ મહિલા દર્દીના નોંધાયા છે જો કે આજે પણ પાંચ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે જિલ્લામાં ૯૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. આજે સારવાર દરમ્યાન કલોલના એક આધેડનું મોત થયુ છે. જિલ્લામાં ગાંધીનગરમાંથી ૯, કલોલમાંથી ૩ અને માણસામાંથી બે કેસ મળી આવ્યા છે. જિલ્લામાં વધતા જતા મૃત્યુદરને લઈ તંત્રની ચિંતા પણ વધી છે.

ગાંધીનગરમાં વાવોલ ગામેથી ૪૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ભાટમાંથી ૫૪ વર્ષીય મહિલા જે ખાનગી નોકરી કરે છે તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. કોબા ખાતે ખાનગી નોકરી કરતા ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ દર્દીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના છાલા ગામેથી આજે ૬ કેસ મળી આવેલ છે. જેમાં ત્રણ મોટી ઉંમરના પુરૂષો અને ૩ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે એક જ ગામમાંથી ૬ કેસ મળી આવતાં ચોંકી ઉઠેલા તંત્રએ ગામમાં સઘન સર્વેલન્સની કડક સૂચનાઓ આપી છે.

છાલામાં આજે એક પિતા અને તેની બે પુત્રીઓ સંક્રમિત થઈ છે. ૬૨ વર્ષીય પુરૂષ, ૧૭ વર્ષની દિકરી અને ૨૧ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીને સારવાર માટે કોલવડા કેર સેન્ટરમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત ૭૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો ૨૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજ ગામમાંથી ૭૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને કોલવડા કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરાયા છે.

કલોલમાંથી આજે ૩ કેસ નોંધાયા છે જેમાં બે ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે. કલોલના છત્રાલ ગામેથી ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાથી સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. ઈટલા ગામેથી ૫૨ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. અર્બન-૨ વિસ્તારમાંથી ૭૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. ગોવિંદપુરા(સમૌ) ગામેથી ૩૮ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મંડાલી ગામેથી ૭૦ વર્ષીય ગૃહણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૨૪૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૬૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૧૫૦૦૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.




ગાંધીનગરની સરકારી વાણિજ્ય કોલેજ સે. ૧૫માં એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ દ્વારા આજે પાલજ અને સે. ૧૬ની ઝુંપટપટ્ટીમાં માસ્ક વિતરણ, ઉકાળા વિતરણ કરી અને કોરોના સામેનો જંગ લડવા માટે સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા, માસ્ક પહેરવા સહિતની વિવિધ બાબતોની જાણકારી આપી જનજાગૃતિ અભિયાન હાથ ધરાયુ હતુ તેની તસ્વીર.

## ખૂણેખાંચરેથી

- માર્કેટયાર્ડોમાં કપાસ અને મગફળીના પાક પછી હવે ડાંગરની આવક પણ શરૂ થઈ છે.
- સિંગતેલના ભાવમાં આજે ૮૦નો ઉછાળો જોવા મળ્યો હોવાથી મધ્યમ વર્ગ ચિંતામાં ગરકાવ થઈ ગયો છે.
- રાજયમાં વિધાનસભાની પેટા-ચૂંટણી માટે મતદાનની તારીખને આડે હવે એક સપ્તાહ જેટલો માંડ સમય બચ્યો હોવાથી પ્રચાર અભિયાન ચરમસીમા તરફ વધી રહેલ છે એટલે પાટનગરના રાજકીય પ્રવાહો વધુ ઉત્તેજીત બન્યા છે.
- રાજયના સનદી અધિકારીઓની બદલીનો ગંજીફો પેટા-ચૂંટણી પછી ચીપાશે તેવી અટકળો શરૂ થઈ છે.
- ગાંધીનગર કોમર્સ કોલેજ બાદ ગઈકાલે સે. ૧૬ની માધ્યમિક શાળામાં પણ સાપ નીકળ્યો હતો.
- ગાંધીનગર જિલ્લામાં આજે કોરોના કેસ કરતાં કોરોનામુક્ત થનાર દર્દીઓની સંખ્યા વધારે છે. આજે ૩૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

## કોર્પોરેટર અંકિત બારોટ પણ કોરોનાથી સંક્રમિત

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાના યુવા કાઉન્સીલર અંકિત બારોટનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોંગ્રેસ પક્ષના બીજા કાઉન્સીલર કોરોનાથી સંક્રમિત થયા છે. મનપામાં આ અગાઉ મ્યુનિ. કમિશનર, ડે. મ્યુનિ. કમિશનર, સીટી ઈજનેર અને અન્ય કર્મચારીઓ પણ સંક્રમિત થયા હતા.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. આજે પણ ૧૫ કેસ નોંધાયા છે. અંકિત બારોટે રેપીડ એન્ટીજન ટેસ્ટ કરાવ્યો હતો અને તેમાં તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.

# પાલજના ખેતરમાં લાગેલી આગ બે કલાકે કાબુમાં આવી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના પાલજ ખાતે આજે બપોરે એક ખેતરમાં



જારના ઉભા પાકમાં આગ લાગી હતી. આશરે દસ વીઘાના ખેતરમાં લાગેલી આગને કાબુમાં લેવામાં ફાયરબ્રિગેડને બે કલાકથી વધુનો સમય લાગ્યો હતો અને આગના કારણે અંદાજે અઢી લાખનો જારનો પાક બળીને ખાખ થઈ જવા પામ્યો હતો.

આજે બપોરે પાલજથી ચિલોડા તરફના માર્ગે મુખ્ય માર્ગની નજીક આવેલા એક ખેતરમાં જારના ઉભા પાકમાં અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી. આગ લાગવાની ઘટના અંગે ૧૧.૫૦ કલાકે સંદીપ વાઘેલા નામના સ્થાનિક શખ્સે ગાંધીનગર ફાયરબ્રિગેડમાં ફોન કરીને જાણ કરી હતી અને ગણતરીના મિનિટોમાં ફાયરની ટીમ ઘટનાસ્થળે ધસી આવી હતી.

આશરે દસ વીઘાના ખેતરમાં લાગેલી આ આગને કાબુમાં લેવામાં ફાયરબ્રિગેડનું ફાઈટર ટેન્કર ખાલી થઈ જવા પામ્યુ હતુ જેથી તેને નજીકના એક અન્ય ખેતરના બોર પર લઈ જઈ તેમાં પાણી ભરવામાં આવ્યુ હતુ. આ દરમ્યાન પાલજ ગામના સરપંચે ગામમાંથી બે ટેન્કર પાણીની વ્યવસ્થા કરી તેનો છંટકાવ શરૂ કરાવ્યો હતો. અંતે આશરે બે કલાકની જહેમત બાદ બપોરે બે વાગ્યાના સુમારે આગ પર કાબુ મેળવી શકાયો હતો. આ આગમાં અંદાજે અઢી લાખ રૂપિયાનો જારનો પાક નષ્ટ થયો હોવાનું જાણવા મળ્યુ છે. સદ્‌ભાગ્યે આગના કારણે કોઈને ઈજા કે જાનહાનિ થવા પામી નહોતી.

# ‘આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના’ સાથે ‘મા’ અને ‘મા વાત્સલ્ય’ કાર્ડનું એકીકરણ કરાયું

ગાંધીનગર, તા. ૨૪

રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના’ સાથે મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજનાના એકીકરણની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે અત્યાર સુધી રાજયમાં મા અને મા વાત્સલ્ય કાર્ડ યોજના અંતર્ગત રાજયના દર્દીઓને ગંભીર રોગની સારવાર મફત મળતી હતી, પરંતુ હવે રાજયના દર્દીઓને ગંભીર રોગોની સારવારમાં સરળીકરણ રહે અને વધુ રોગોની સારવારને આવરી લેવાય તે માટે બંને કાર્ડને આયુષ્યમાન ભારત કાર્ડ સાથે જોડવામાં આવ્યા છે. આ કાર્ડ સાથે આધારકાર્ડ લઈને જનાર દર્દીઓને નિયત કરેલી હોસ્પિટલમાં રુપિયા પાંચ લાખ સુધીની સારવાર વિના મૂલ્યે મળશે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે રાજય સરકાર દ્વારા ગરીબ મધ્યમ વર્ગના પરિવારજનોને ગંભીર બિમારી સામે વિનામૂલ્યે સારવાર પૂરી પાડતી મા અને મા વાત્સલ્ય યોજના હેઠળ રૂપિયા પાંચ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે અપાતી હતી તે લાભો પણ આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ મળશે. બંને યોજનામાં સારવાર માટેના તમામ પેકેજ એકસરખા કરવામાં આવ્યા છે. તેથી તમામ લોકોને આ યોજના હેઠળ તમામ લાભો એકસરખા મળશે.

ટચૂકડી જાહેર ખબર
વેચવાની છે
ખ-રોડ ગાંધીનગર
● સ્વાગત રેઈન ફોરેસ્ટ 1st ફ્લોર 101-102 ફર્નિચર સાથે
● સ્વાગત રેઈન ફોરેસ્ટ 1st ફ્લોર C-113, C-114
Mo. 9824409327
Mo. 9904042342

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮